**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૫ ડિસેંબર ૨૦૧૧**

## ભારતીય જનતા પક્ષના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે સોમવાર ૫ ડિસેંબર ના પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### *પુનર્વસનની ગેરમાર્ગે દોરનારી જાહેરાત પર એક કરોડ નો ખર્ચ તારાપૂર પ્રકલ્પગ્રસ્તો સંતપ્ત*

**મુંબઈ, સોમવાર :** "તારાપૂર અણુ ઉર્જા પ્રકલ્પગ્રસ્તોનું ખરા અર્થે પુનર્વસન ન કરતાં ફુલપેજ રંગીન જાહેરાતો આપી ન્યુકિલયર પૉવર કૉર્પોરેશને (એનપીસી) પ્રકલ્પગ્રસ્તોના ઘા પર મીઠું ભભરાવ્યું છે. આ જાહેરાત મારફત એનપીસીએ પ્રજાને ગેરમાર્ગે દોરી છે, એટલું જ નહીં પણ સાર્વજનિક પૈસા નો દુરૂપયોગ સુધ્ધા કર્યો છે," આ મુજબની તીવ્ર પ્રતિક્રિયા ભારતીય જનતા પક્ષ ના નેતા અને તારાપૂર પ્રકલ્પગ્રસ્તો ના પુનર્વસન માટે મુંબઈની ઉચ્ચ ન્યાયાલયમાં પાછલાં સાત વર્ષથી લડત આપનારા શ્રી રામ નાઈકે આપેલ છે. તેઓ આજે મુંબઈની પત્રકાર પરિષદમાં બોલી રહ્યાં હતા.

શ્રી રામ નાઇક તેમના વિરોધ બાબતે માહિતી આપતાં બોલ્યા હતા કે, " તારાપૂર સંયંત્ર ૩ અને ૪ માંથી કુલ ૧,૦૮૦ મેગાવૅટ અણુ ઉર્જા નું ઉત્પાદન પાછલાં પાંચ વર્ષ થી થઈ રહ્યું છે. હું નિયોજન અને કાર્યક્રમ અમલબજાવણી ખાતાનો રાજયમંત્રી હતો તેવેળા આ પ્રકલ્પ નું ભૂમીપૂજન મારાજ હસ્તે ઓકટોબર ૧૯૯૮ માં થયું હતું. આ પ્રકલ્પ ને કારણે અકકરપટ્ટી અને પોફરણ આ બે ગામોના મુખ્યતઃ ખેડૂતો અને માછીમાર ૧,૨૫૦ કુટુંબો વિસ્થાપીત થયાં તેમજ ૧૭૦ હેકટર જમીન જમીનનું ભૂસંપાદન પણ કરવું પડયું હતું. પ્રકલ્પગ્રસ્તો ને જમીન માટે જમીન આપવામાં આવશે, નવા ઘરો બાંધી આપવામાં આવશે તેમજ ખરા અર્થમાં તેમનું પુનર્વસન થશે તેવું આશ્વાસન નિયોજન ખાતા નાં મંત્રી તરીકે મેં આપ્યું હતું. તેની સાથે સાથે વડાપ્રધાન મા. અટલબીહારી વાજપેયી ના પ્રધાનમંડળે પહેલી જ વખત ૨૦૦૩ માં પ્રકલ્પગ્રસ્તોનાં પુનર્વસનનું ધોરણ નકકી કર્યું. આ સઘળી પાર્શ્વભૂમી પર સ્થાનિક નાગરીકોએ સહયોગ આપ્યો અને પ્રકલ્પનું કામ કોઈ પણ પ્રકારની અડચણ વિના ઝડપી શરૂ થયું. પરંતુ સરકાર બદલાઈ, ડૉ.મનમોહન સિંહ વડાપ્રધાન થયા અને ડિસેંબર ૨૦૦૪ માં તે બંન્ને ગામમાંના ગ્રામવાસીઓનું પુનર્વસન પૂર્ણ કર્યા વગર પોલીસબળ વાપરી સખ્તાઈ પૂર્વક હકાલપટ્ટી કરવામાં આવી. તેથી પ્રકલ્પગ્રસ્તો વતી મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં રિટ યાચિકા દાખલ કરી પાછલાં સાત વર્ષ થી હું પોતે પ્રકલ્પગ્રસ્તો નો પક્ષ રજૂ કરી રહ્યો છું. હવે ન્યાયાલય ના નિર્ણય અનૂસાર પ્રકલ્પગ્રસ્તોના ઘરો બાંધી આપવામાં આવ્યા છે. છતાંયે, હજૂ પણ ૪૩૩ માછીમારો માટે દરિયાકાંઠે જમીન ન મળતા ભરણપોષણ નું સાધન નથી. પરિણામે તેમનો અક્ષરશઃ ભૂખમરો થઈ રહ્યો છે. તેમજ ખેડૂતોને જમીન માટે જમીન આપવાનું માન્ય કરીને પણ હજૂ સૂધી જમીન નું વિતરણ થયેલ નથી."

" પ્રકલ્પગ્રસ્તોએ અડચણ ઊભી ન કરતાં આજ કાલાવધીમાં સંયંત્ર ક્ર. ૪ માંથી સપ્ટેંબર ૨૦૦૫ થી અર્થાત નિયોજીત ઉદ્દેશ્ય કરતાં ૨૩૦ દિવસ વહેલું અને સંયંત્ર ક્ર. ૩ માંથી ઑગષ્ટ ૨૦૦૬ થી અર્થાત નિયોજીત ઉદ્દેશ્ય કરતાં ૧૬૬ દિવસ વહેલું દરેકનાં ૫૪૦ મેગાવૅટ મુજબ ૧,૦૮૦ મેગાવૅટ વિજળી ઉપલબ્ધ થવાનું પ્રારંભ થયું. આ જે ૩૯૬ દિવસો બચ્યા તેની બચત રકમમાંથી રૂ. ૩૯૬ કરોડ એટલેકે  રૂ. ૪૦૦ કરોડ થાય. તેમજ આ પ્રકલ્પનો કુલ અંદાજીત ખર્ચ રૂ. ૬૫૨૫ કરોડ હતો, તેની બદલે પ્રત્યક્ષ ખર્ચ રૂ. ૬,૧૦૦  કરોડ થયો એટલેકે રૂ. ૪૨૫ કરોડ બચ્યા. તેથી સમયની બચત અને ખર્ચમાંની બચત મળી એનપીસીની કુલ રૂ.૮૨૫ કરોડની બચત થઈ. જળ અને વિદ્યુત પ્રકલ્પ નિર્માણ માટે પ્રકલ્પ ખર્ચ ના પાંચ ટકા સૂધી પુનર્વસન પર ખર્ચ થઈ શકે તેવા સંકેતો છે. એટલેકે રૂ.૬,૧૦૦ કરોડના પ્રકલ્પ માટે  રૂ. ૩૫૦ કરોડ રૂપિયા પુનર્વસન પર ખર્ચ કરી શકાય. એનપીસીએ અકબારોમાં આપેલ જાહેરખબર અનૂસાર હાલ સૂધી માત્ર રૂ.૮૬ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે તે સ્પષ્ટ છે. માટેજ હજૂ રૂ.૨૧૯ કરોડ ખર્ચ કરી શકાય. છતાંયે એનપીસી, કેંદ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર ખરા અર્થમાં પુનર્વસન કરવા તૈયાર થતી નથી તે ચોકખું દેખાઈ આવે છે. ખરા અર્થમાં પુનર્વસન થાય તે માટે અમે ઉચ્ચ ન્યાયાલયમાં લડી રહ્યં છીએ.

"અખબારોમાં આપવામાં આવેલ જાહેરાત નું ઔચિત્ય શું તે ન કળી શકાય તેવી બાબત છે. પ્રકલ્પપીડિતો ના ન્યાય હકક માટે એનપીસી ખર્ચ કરતી નથી અને અખબારોમાં ફૂલપેજ રંગીન જાહેરાતો પર લગભગ એક કરોડ રૂપિયા ઉડાડવા તે સંતપ્ત કરનારી બાબત છે."  આ મુજબની ટીકા શ્રી રામ નાઈકે કરી હતી. " આ જાહેરાતમાં તારાપૂર પ્રકલ્પમાંથી દેશને ૧,૦૮૦ મેગાવૅટ વીજળી પાછલાં પાંચ વર્ષ થી મળી રહી છે તેનો સાદો ઉલ્લેખ સુધ્ધા કરવામાં આવ્યો નથી," તેવું પણ શ્રી રામ નાઈકે અંતે કહ્યું હતું.

**( કાર્યાલય સચિવ )**